


## મતદાનની સાથે સાથે...

- પ્રથમ તબક્કાની ચૂંટણીની તમામ તૈયારીઓ પરિપૂર્ણ કરી લેવાઈ
- કચ્છ અને સૌરાષ્ટ્રની ૫૮ બેઠકો પર મતદાન થશે
- દક્ષિણ ગુજરાતની ૨૫ બેઠકો પર મતદાન થશે
- અમદાવાદ ગ્રામિણની ચાર બેઠકો પર મતદાન થશે
- મતદાન સવારે આઠ વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી યોજાશે
- ભાજપ તમામ ૮૭ બેઠકો પર ઉમેદવાર ઉતારશે
- કોંગ્રેસ ૮૪ ઉમેદવારનો મેદાનમાં ઉતાર્યા છે
- પ્રથમ ચરણમાં ૯૫.૭૫ લાખ પુરુષ મતદારો અને ૮૬ લાખ મહિલા મતદાર છે
- ૨૧૨૬૧ મતદાન મથક પર મતદાન યોજાશે
- સંવેદનશીલ મતદાન મથકો પર અર્ધલશ્કરીદળો અને આરપીએફના જવાનો તૈનાત કરાશે
- રાજ્ય બહારના પોલીસ જવાનો પણ તૈનાત કરવામાં આવ્યા છે
- સુરત જિલ્લાની લિંબાયત બેઠક પર સૌથી વધુ ૨૦થી વધુ ઉમેદવાર
- દક્ષિણ ગુજરાતની ગણદેવી અને ધરમપુરમાં સૌથી ઓછા ચાર ચાર ઉમેદવાર
- ભાજપ, કોંગ્રેસ અને ગુજરાત પરિવર્તન પાર્ટી વચ્ચે મુખ્ય સ્પર્ધા રહેશે
- કચ્છ જિલ્લાની અબડાસા બેઠક દેશભરની સૌથી મોટી વિધાનસભા બેઠક તરીકે છે
- સૌરાષ્ટ્રના સાત જિલ્લામાં ૪૮ બેઠકોમાં મતદાન થશે
- દક્ષિણ ગુજરાતના પાંચ જિલ્લાઓમાં ૩૫ બેઠકો પર મતદાન થશે
- કુલ ૨૬ રાજકીય પક્ષોના ઉમેદવાર મેદાનમાં છે
- ૩૮૩ અપક્ષ ઉમેદવારો પણ છે

### સૌરાષ્ટ્ર ઉપર તમામની નજર રહેશે


# સત્તા મેળવવા સૌરાષ્ટ્રની ભૂમિકા સૌથી મહત્વપૂર્ણ

### ભાજપના બુલડોઝરને જીપીપીનું સ્પીડ બ્રેકર રોકી શકે છે કે કેમ તેને લઈને રાજકીય નિષ્ણાંતોમાં ચર્ચાનો દોર

અમદાવાદ, તા. ૧૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે આવતીકાલે પ્રથમ તબક્કામાં મતદાન યોજાનાર છે પરંતુ જેના પર તમામની નજર છે તે સૌરાષ્ટ્રની ભૂમિકા સૌથી મહત્વપૂર્ણ રહેશે. ગાંધીનગરમાં સત્તા કબજે કરવા હંમેશા સૌરાષ્ટ્ર નિર્ણાયક રહે છે. આ વખતે પણ સૌરાષ્ટ્ર પર જ નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ભાજપના જીતના બુલડોઝરને જીપીપીનું સ્પીડબ્રેકર રોકી શકે છે કે કેમ તેને લઈને ગણતરીનો દોર શરૂ થઈ ગયો છે. સૌરાષ્ટ્રની તમામ બેઠકો પર કેશુભાઈ પટેલ પરિબળ કામ કરે છે કે કેમ તેને લઈને રાજકીય નિષ્ણાંતો પણ હાલમાં કાંઈ કહેવાની સ્થિતિમાં નથી. સૌરાષ્ટ્રના ઘણા પરિબળોને ધ્યાનમાં લેવામાં આવે તો સૌરાષ્ટ્રમાં પાણીની સમસ્યા, દુષ્કાળ, ખેડૂતોના આપઘાત અને ભાજપ વિરુદ્ધ લેઉવા પટેલ સમાજ જેવા ઘણી પરિબળો છે. મોદીનો વિકાસફેક્ટર અહીં ચાલે તેવી સ્થિતિ નથી. ભાજપની બેઠકો ૨૦થી નીચે જશે તેમ પણ કહેનાર લોકોની સંખ્યા ઓછી નથી. વર્ષ ૨૦૦૭માં યોજાયેલી ચૂંટણીમાં ભાજપે ૩૭ બેઠકો જીતીને જોરદાર સપાટો બોલાવ્યો હતો પરંતુ આ વખતે ચિત્ર જુદુ છે. વિસાવદરમાં જોરદાર ચૂંટણી જંગ ખેલાશે. અહીં ભાજપના કનુભાઈ ભાલાળા અને તેમના જ ગુરુ અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ સામે મેદાનમાં છે. સમીક્ષકોના મતે કનુભાઈ કેશુભાઈની સામે જંગી મતે હારી શકે છે. અહીં લેઉવા પટેલ સમાજનું પ્રભુત્વ રહેલું છે. નવજોત સિદ્ધુએ અહીં કેશુભાઈ પટેલ સામે અપમાન જનકર ટિપ્પણી કરી હતી. ૨૦૦૭ની સરખામણીમાં ચિત્ર જુદુ દેખાઈ રહ્યુ છે. નરેન્દ્ર મોદી જોરદાર પ્રચાર કરી ચુક્યા છે પરંતુ કેશુભાઈ પટેલના પ્રભાવને ભંગ કરી શકે છે કે કેમ તે હવે ચૂટણીથી જાણી શકાશે.

#### મોદીને નડનાર પરિબળો



૧. સૌરાષ્ટ્રમાં પાણીની વિકટ સમસ્યા
૨. દુષ્કાળના કારણે સ્થિતિ ખરાબ
૩. ઘણા ખેડૂતો દ્વારા આપઘાત
૪. ભાજપ વિરુદ્ધ લેઉવા પટેલ સમાજની નારાજગી
૫. કેશુભાઈ પટેલની નારાજગી

## પ્રથમ તબક્કાનું ચિત્ર

અમદાવાદ, તા.૧૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે પ્રચારનો અંત આવી ગયા બાદ આવતીકાલે પ્રથમ તબક્કા માટે ૮૭ બેઠકો પર મતદાન યોજાનાર છે. કુલ ૮૪૬ ઉમેદવારો મેદાનમાં છે જેમાં ૪૬ મહિલા ઉમેદવારોનો સમાવેશ થાય છે. મતદાનને લઈને ૧.૮૧ કરોડ મતદારો પણ ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પ્રથમ તબક્કા માટે આંકડાકિય ચિત્ર નીચે મુજબ છે.

| | |
|---|---|
| કુલ વિધાનસભાની બેઠક | ૧૮૨ |
| પ્રથમ તબક્કાની બેઠક | ૮૭ |
| પ્રથમ તબક્કામાં ઉમેદવારો | ૮૪૬ |
| સૌથી વધુ ઉમેદવાર | લિંબાયત (સુરત જિલ્લો) |
| સૌથી ઓછા ઉમેદવાર | ગણદેવી (૪) |
| સૌથીમોટી વિધાનસભા બેઠક | અબડાસા બેઠક |
| મહિલા ઉમેદવારો | ૪૬ |
| કુલ રાજકીય પક્ષો | ૨૬ |
| ભાજપના ઉમેદવાર | ૮૭ |
| કોંગ્રસના ઉમેદવાર | ૮૪ |
| જીપીના ઉમેદવાર | ૮૩ |
| બસપના ઉમેદવાર | ૭૯ |
| જનતાદળ યુનાઈટેડ | ૩૩ |
| સમાજવાદી પાર્ટી | ૨૨ |
| લોકજનશક્તિ પાર્ટી | ૧૩ |
| સીપીઆઈએમ | ૮ |
| ઈન્ડિયન ફ્રન્ટ | ૮ |
| રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા | ૬ |
| અન્યો | ૧૩૦ |
| ઈવીએમની સંખ્યા | ૪૪૫૭૯ |
| પ્રથમ તબક્કાના મતદાન મથકો | ૨૧૨૬૧ |
| મહિલા મતદારો | ૮૬ લાખ |
| પુરુષ મતદારો | ૯૫.૭૫ લાખ |
| કુલ મતદારો | ૧.૮૧ કરોડ |
| સંવેદનશીલ મતદાન મથકોની સંખ્યા (રાજ્ય) | ૧૭૦૨૯ |

## ભાજપના શાસનમાં મહિલાઓને અન્યાય

### ગુજરાતમાં વિધવાઓને યોગ્ય પેન્શન મળતું નથી

અમદાવાદ, તા. ૧૨

અખિલ ભારતીય મહિલા કોંગ્રેસના પ્રમુખ શ્રીમતી અનિતા વર્માએ આજરોજ રાજીવ ગાંધી ભવન, અમદાવાદ ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતુ કે, ગુજરાતમાં ભાજપના શાસનમાં મહિલાઓને ખૂબ અન્યાય થયો છે. ભ્રૂણ હત્યા, મહિલાઓના અછોડા લૂંટાઇ જેવા બનાવો ગુજરાતમાં બન્યા છે. ગુજરાતમાં વિધવાઓને યોગ્ય પેન્શન આપવામાં આવતું નથી.

શ્રીમતી વર્માએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ દ્વારા પ્રજા વિકાસ દર્શન-૨૦૧૨ અંતર્ગત જાહેર કરાયેલ મુદ્દાઓમાં ઘરનું ઘર યોજનામાં ગુજરાતમાં સાર્વત્રિક પ્રતિસાદ સાંપડ્યો છે અને ૩૦ લાખ કરતા વધારે મહિલાઓએ આ યોજનામાં વિશ્વાસ વ્યક્ત કરી ફોર્મ ભરીને પરત આપેલ છે. મનરેગા યોજનાના અમલમાં પણ ગુજરાતમાં મહિલાઓને અન્યાય સહન કરવો પડ્યો છે. ગુજરાતમાં પીવાના પાણીની સમસ્યા હજુ પણ છે. શ્રીમતી વર્માએ જણાવ્યું હતું કે કેન્દ્ર દ્વારા અપાતી ગ્રાન્ટનો યોગ્ય ઉપયોગ થતો નથી અને ગુજરાતની ભાજપ સરકાર દ્વારા મહિલાઓને થતા અન્યાયને કારણે ગુજરાતની પ્રજા ભાજપાને જાકારો આપી કોંગ્રેસ પક્ષને વિજયી બનાવશે તેવી આશા વ્યક્ત કરી હતી.

### કોંગ્રેસે તમામ મતદારોને અપીલ કરી

# મધ્યમ વર્ગને અન્યાય કરનારી સરકારને દૂર કરવાની અપીલ

અમદાવાદ, તા. ૧૨

ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની ચૂંટણીમાં મોટાપાયે કોંગ્રેસ તરફી મતદાન કરવા પ્રજાલક્ષી અપીલ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડિયા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ અને કોંગ્રેસ પ્રચાર અભિયાન સમિતિના અધ્યક્ષ શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, સંવેદના વગરની અને સામાન્ય-મધ્યમ વર્ગને અન્યાય કરનાર ભાજપા સરકારને સત્તા સ્થાનેથી દૂર કરવા લોકશાહીના આ મહાપર્વમાં મતદાનમાં મોટી સંખ્યામાં સૌ મતદાતાઓ જોડાય તે માટે અપીલ કરી છે.

રાજ્યમાં મહિલાઓ માટે ઘરનું ઘર, વિદ્યાર્થીઓ માટે શિક્ષણનો અધિકાર, શિક્ષિત બેરોજગારને માન-સન્માન સાથે રોજગારી, ઝડપી અને સસ્તી આરોગ્ય સેવા, ખેડૂતોને સિંચાઈનું પાણી, ખાતર ઉપર વેટની સંપૂર્ણ નાબૂદી, પીવાનું પાણી, પેટ્રોલ-ડીઝલ અને સીએનજીમાં વેટમાં ઘટાડો, કર્મચારીઓને સરકારી તમામ લાભો, ફીક્સ વેતનના કર્મચારીઓને પૂરતો પગાર, સલામતિ, આદિવાસીઓને અધિકાર, માછીમારના હક્કો આપવા, અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકોને તેમના હક્ક આપવા તથા દલિતો, લઘુમતિઓ અને બક્ષીપંચ માટે કલ્યાણકારી યોજનાઓને ગુજરાત પ્રજા વિકાસ દર્શન-૨૦૧૨ અંતર્ગત આવરી લઈને પ્રજાલક્ષી વહીવટ આપવાનો નિર્ધાર કોંગ્રેસ પક્ષે વ્યક્ત કર્યો છે ત્યારે તમામ નાગરિકોને પ્રથમ તબક્કાની સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના મતદાતાઓને મોટી સંખ્યામાં મતદાન કરીને કોંગ્રેસ પક્ષને જીતાડી પ્રજાલક્ષી સરકાર બનાવી ગાંધીનગર સચિવાલયના દરવાજા સામાન્ય નાગરિકો માટે ખુલ્લા મુકવા આહવાન કર્યું હતું.

### કોંગ્રેસના ઉમેદવારોને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષનું સમર્થન

ગાંધીનગર, તા. ૧૨

નેશનલ કોંગ્રેસ પાર્ટી - રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ - ગાંધીનગર જિલ્લાના પૂર્વ પ્રમુખ ચતુરજી ઠાકોરે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે એન.સી.પી. અને કોંગ્રેસ દ્વારા સમાધાન થતાં કોંગ્રેસના ગાંધીનગર દક્ષિણ શીટ પર ચૂંટણી લડતા જુગાજી નાથાજી ઠાકોર, ગાંધીનગરની ઉતર શીટની ચૂંટણી લડતા સુરેશભાઈ ચતુરભાઈ પટેલ તેમજ માણસા શીટ પર કોંગ્રેસના ઉમેદવાર અમીત હરિભાઈ ચૌધરી તથા દહેગામ શીટ પર કોંગ્રેસના ઉમેદવાર કામિનીબેન રાઠોડ અને કલોલના ઉમેદવાર બળદેવજી ઠાકોરને એન.સી.પી.ના તમામ હોદેદારો તથા કાર્યકરો દ્વારા સમર્થન આપવામાં આવે છે.

### પ્રથમ દોરના મતદાનના કારણે આજે જાહેર રજા

અમદાવાદ, તા. ૧૨

સામાન્ય વહીવટ વિભાગના જાહેરનામામાં જણાવ્યા પ્રમાણે ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીના પ્રથમ તબક્કાના અનુસંધાનમાં આવતીકાલે રજા રહેશે. અમદાવાદ જિલ્લાના વિરમગામ, સાણંદ, ધોળકા, ધંધુકા અને સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ અને તાપી જિલ્લામાં તા. ૧૩મી ડિસેમ્બર ૨૦૧૨ને ગુરૂવારે જાહેર રજા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

### ચૂંટણી ઘોડે ચડીને આવી છે ત્યારે અનેક પક્ષો અને અપક્ષોએ ઊંટના હોઠ જેવા વાયદાઓ આપ્યા છે

# અમે સત્તા પર આવશું તો જેટલા વાંઢાઓ છે તેમનાં ધામધૂમથી લગ્ન કરાવી આપીશું !!!

**હાસ્યથી રૂદન સુધી**

**- મહેન્દ્રભાઈ રાઠોડ**

ચૂંટણી ઘોડે ચડીને આવી છે ત્યારે અનેક પક્ષો અને અપક્ષનો રાફડો ફાટ્યો છે. અને આ બધા જ પક્ષોએ ઊંટના હોઠ જેવા વાયદાઓ આપ્યા છે. ત્યારે મતદારોને શું કરવું... આગળ જોઈએ.

ચૂંટણી ટાણે બધા જ ઉમેદવારો ગરીબડી ગાય થઈ જશે અને ધવલ વસ્ત્રોમાં સજ્જ થઈ, બે હાથ જોડી તમને પાયલાગણ કરશે. જાણે આપણે તેમના ભગવાન ન હોય! તેમની બધી જ તિજોરી આપણા માટે આ શુભ ચિંતકો! અવસર પર જેટલું ભેળું કરવું હોય તેટલું ભેળું કરી લેજો. જ્યાં હરવું ફરવું હોય ત્યાં હરીફરી લેજો. શિયાળો છે એટલે જેટલું ખાવું-પીવું હોય તેટલું ખાઈ-પી લેજો. પછી આ શિયાળામાં અડદિયો, મેથી પાક, ગુંદરપાક કે સાલમપાક ન ખાવ તો ચાલશે. ચૂંટણી પછી આ બધા સિંઘલા ઘેટા થઈ જશે. પછી તો તમને જ મશગુલ હશે અને એક-બીજા પેતરા રચવામાં જ અમૂલ્ય સમય ફાળવતા હશે.

હવે એક બીજા કેવા વાયદા આપે છે જોઈએ...

'જો અમો સત્તા પર આવશું તો દરેક વ્યક્તિને રેડિયો મફતમાં આપશું અને પાંચ વરસ સુધી ચાલે તેટલો પાવર પણ.'

'રેડિયાના જમાના ગયા, પણ અમો તો એકે એક કુટુંબને એલ.સી.ડી. ઘેર ઘરે જઈને આપી આવશું. ઝૂંપડપટ્ટીમાં લાઈટ નહિ હોય તે છતાં એલસીડીથી વંચિત નહીં રાખીએ. ખાસ ઑફર જ અમને મદદ કરશે તેમને પ્રથમ પ્રાથમિકતા આપશું.'

'જો અમો સત્તા પર આવશું તો દરેક વ્યક્તિને એક એક બંગલો મફતમાં આપશું.'

'તો અમો ઘેર-ઘેર જઈને બધાના ઘર ધોળી આપશું. અમો જેવા કલર કાઢીએ છીએ. તેવા કલરથી કલર કરી આપશું. જો કલર વધશે તો કુટુંબના દરેક સભ્યોને ધોળી નાંખશું.'

'જો અમો સત્તા પર આવશું તો જેટલાં વાંઢાઓ છે તેને અમો ધામધૂમથી લગ્ન કરાવી આપશું. હાથી, ઘોડો ન મળે તો ગધેડાઓ ઉપર બેસાડી ધામધૂમથી વરઘોડો કાઢીને પરણાવી દેશું.'

એક સવાલ આવે છે...

'આટલી બધી કન્યા લાવશો ક્યાંથી?'

'ગમે તે દેશમાંથી આયાત કરશું અને ત્યાંથી ન મળે તો સ્વર્ગમાંથી ઉપાડી લાવશું.'

તાળીયોનો ગડગડાટ...

'જો અમો સત્તા પર આવશું તો દરેક ગામડાની બહેનોને સોનાના ઝાંઝર તથા સોનાનું ગાગર બેડું આપશું. જો સોની શુદ્ધતા જાળવશે તો દરેક વ્હાલનો દરિયો. દીકરીને સોનાના ચંપલ, સોનાની સાંકળા, કાયદાને નેવે મુકી સોનાની ઘડિયાળ, સોનાના તારથી ભરેલી સાડીઓ, વરરાજા માટે સોને ગુંથેલ સાફો તથા રત્નજડિત શુટ દહેજમાં આપશું.'

'અમો તો દરેક બસ કે પ્રાઈવેટ વાહનોમાં આ જીવનભર મફત મુસાફરી કરવાના પાસ આપી દઈશું. જ્યાં ફરવું હોય ત્યાં ફરે.'

'અમો તો દરેક ટુ-વ્હિલર તથા ફૉર વ્હિલરમાં સદાને માટે પેટ્રોલ, ડિઝલ અને ગૅસ ભરાવવાની સગવડ કરી આપશું. અને જે વ્યક્તિને જેટલા જોઈએ તેટલા વાહનો માટે લોન આપશું અને તમે કદાચ લોન ન ભરો તો લોન ભરવામાંથી મુક્તિ પણ આપશું.'

'અમો તો દરેક દરેક વ્યક્તિને એવા કપડા લાવી આપશું કે તેને ફરીથી કયારેય ધોવા ન પડે. (તમે ભલે ધોવાઈ જાવ) સાબુ તથા ડિટરજનના તમામ કારખાના બંધ કરાવી નાંખીશું.'

સભામાંથી એક સવાલ છૂટે છે. તમો બધા જ કારખાના બંધ કરી દેશો તો આ બધા કામદારોનું શું થશે?

'તેનો પણ ઉપાય છે. દરેક દરેકને અમારા ખર્ચે પરદેશ ધકેલી દેશું. બીજો લાભ, આમ થતા ગરીબો પણ ઘટશે.'

સભામાંથી એક બીજો સવાલ છૂટે છે...'આવા પીવાનું તો ક્યાંય આવ્યું નહી...'

'ભાઈ, અધિરા ન થાવ... અમારી પાસે તો હજારો મુદ્દા છે. અમો એક એવો મોટો મોલ ખોલશું કે તેમાં દરેકને જીવન જરૂરિયાતની વસ્તુ મફતમાં આપશું. અનાજ, ઘી, ગોળ, ખાંડ, બધું જ મફતમાં મળશે.'

ફરી એક સવાલ છૂટ્યો... 'પણ અમો રાંધશુ કઈ રીતે ? ફોરેસ્ટવાળા લાકડા કાપવા દેતા નથી. કેરોશીનમાં કકળાટ છે. ને ગેસના બાટલા પણ ઘટાડી દીધા છે. તો અમો અનાજ-કઠોળ કાચે-કાચૂ ખાઈએ ???'

'ના ભાઈ ના તમો અમને એક વખત ચૂંટણીને તો મોકલો તમને ખબર પડશે અમો કેવા કેવા ખેલ ખેલશું ! અમો દરેકે-દરેક ગામમાં એક અથવા જરૂરીયાત મુજબ મોટામોટા રસોડા ખોલી દઈશું અને દરેક ઘેર ત્રણ ટાઈમ ટીફીન પહોંચાડી દઈશું.'

સભામાંથી તાળીયોનો વરસાદ વરસે છે.

આગળ... 'અમો ભણેલ હોય કે અભણ હોય તે બધાને નોકરી અપાવી દેશું. નોકરી ગમે તેવી હોય.અને હા ! જેટલા ગાંડા, ઘેલા, પાગલ હશે તેને પ્રથમ પ્રાથમિકતા આપશું તથા લૂલા-લંગડાને પગ, બેરા, બોબડાને જીભ, આંધળાઓને આંખો અમે ગમે તેની કાપીને ચોંટાડી આપશું. હાથ, પગ, જીભ અને આંખો ભલે પછી કુતરાની હોય, બીલાડીની હોય, ભૂંડની હોય કે પછી વાંદરાઓની હોય. વચન પાળી બતાવશું.

'અમો સત્તાપર આવશું તો દરેક બહેનોને બ્યુટીપાર્લરમાંથી વિના મૂલ્યે અપસરા જેવી બનાવીને મોકલી આપશું. અમો અમારા વાહનમાં પોતપોતાને ઘેર અથવા તમને મન ફાવે તેના ઘેર પહોંચાડી દેવાની સગવડ કરી આપશું, હા ! ૭૦ કે ૮૦ વર્ષના વૃદ્ધા કે વૃદ્ધોને વીસ-બાવીસ વર્ષની લાગતી હોય તેવા યુવાન બનાવીને ખાત્રીપૂર્વક મોકલી આપશું.

'જો અમો સત્તા પર આવશું તો દરેક ગામડાને જમીનદોસ્ત કરીને ત્યાં મોટા-મોટા બંગલા બાંધી દઈશુ. જ્યાં સુધી બંગલા ન બને ત્યાં સુધી બધાને બે-ત્રણ વર્ષ સુધી ઝૂપડપટ્ટીમાં રહેવું પડશે.'

ત્યાં સભામાંથી એક સવાલ ઊઠે છે. 'બંગલા બનતા બે-ચાર વર્ષ લાગશે, તો ફરીથી ચૂંટણી આવી જશે...'

'હા... ભલે ફરીથી ચૂંટણી આવે... તો ત્યારે ફરીથી અમોને મત આપી જીતાડી દેજો... તો ચોક્કસ બંગલા બનાવી દીશું.'

એક મોટી સભામાં એક ઉત્સાહી ઉમેદવારે ખંતથી બોલ્યો, 'આ લોકો બંગલા બને ત્યાં સુધી રાહ જોવી પડે. ઝૂંપડપટ્ટીમાં રહેવું પડે પણ અમારી પાસે તો એક એવી યોજના છે કે અમો એક એવી જાદુઈ લાકડી લાવશું કે અમો આ જાદુઈ લાકડી ઝૂંપડીને અડશે તો બંગલા બની જશે. ભંગાર રોડ, રસ્તા, ગલ્લી, મહોલ્લામાં જઈને લાકડી અડાડશું એટલે તે પાકા ડામરના રોડ બની જશે. ગંદવાડો હશે ત્યાં બગીચા બની જશે. ઝાંડાઝાંખરા હશે ત્યાં ગુલાબ-કરેણ-હજારીગલના છોડવા તથા વૃક્ષો બની જશે.'

ત્યાં એક જાગૃત નાગરીકે પ્રશ્ન કર્યો કે, 'આવી જાદુઈ લાકડી લાવશો ક્યાંથી ???'

ઉમેદવાર બોલ્યા, પ્રશ્ન પૂછ્યાં બદલ ધન્યવાદ. મારા તરફથી તેમને આ દસ તોલા સોનાનો હાર ભેટમાં. સોન સાચુ છે કે ખોટુ તેની ખાત્રી કરી લેશો. 'આગળ બોલે છે, 'સાંભળો મારા ભાઈઓ, સુદામા બાળસખા પાસે કાંઈક માંગવાની અપેક્ષા સાથે જાય છે પણ કાંઈ માંગતા નથી. જ્યારે સુદામાં ઘરે આવે છે ત્યારે તો તેમના ઝુંપડાના મહેલો બની ગયા હોય છે. અમો પણ આપ સૌને મહેલો બનાવી દેશું. અમોએ પહેલેથી જ ઘણા મંત્ર, તંત્ર, લેભાગુ તથા મેલી વિદ્યા કરવાવાળાને સાધી રાખ્યા છે. માટે તમારે ચિંતા કરવાની કોઈ જરૂર નથી..' ત્યાં ભરચક સભામાંથી તાળીઓનો વરસાદ વરસ્યો.

ફરી બીજી કોઈ સભામાં ઉમેદવાર બોલે છે.

'અમે એક એવો ખરડો લાવશું કે મહિલાઓ માટે નવ્વાણું ટકા બેઠકો અનામત રાખશુ, ત્યાર બાદ હાલમાં જે લગ્ન પદ્ધતી છે તેમાં એક એવો સુધારો લાવશું કે લગ્ન બાદ કન્યા વર પક્ષે સાસરે જાય છે તેના બદલે વરરાજાએ કન્યાને ઘેર રડતા મોઢે જવું પડશે. પછી કન્યાના મા-બાપને પુત્રી અને જમાઈ મળશે. જેટલી ઘરમાં પુત્રીઓ-એટલા જમાઈ. આમ કરવાથી હવે કોઈના ઘેર પુત્રી જન્મશે તો રાજીના રેડ થઈ જશે. કદાચ હવે કોઈ છોકરાને દૂધ પીતે કરે તો નવાઈ નહિ.'

'અમો સત્તા પર આવશું તો પાણીની સમસ્યાં ચૂંટકીમાં ભગાડી દેશું. ચોવીસ કલાક પાણી મળે તેવી વ્યવસ્થા કરીશું. દરેક રૂમમાં બબ્બે નળ આપશું.જ્યારે નાવું હોય ત્યારે નહિ લે.'

સવાલ ફેંકે છે 'ચોવીસ કલાક પાણી કઈ રીતે આપશો ?'

જવાબ આવે છે, 'એક મહિનામાં ચોવીસ કલાક પાણી આપશું.'

ફરી એક ટોપીવાળા ઉમેદવાર આગળ બોલે છે, 'જો અમો સત્તા પર આવશું તો ખેડૂતોને બિયારણ મફત, વિજળી મફત, ગાડા, હળ, ટ્રેક્ટરો તથા ખેતીના તમામ સાધનો મફતમાં આપશું.'

ત્યા તો આખી સભા ઉન્માદમાં આવી ગઈ અને ઢોલ, નગારા, ત્રાંસા વગાડવા લાગ્યા. ઉમેદવાર આગળ બોલે છે, 'હા..!! એક શરત આવતા વરસે જે ઊપજ આવે તે મને-કમને અમારા ઘેર બધીજ ઉપજ પહોંચાડવાની રહેશે.' આ શબ્દો સાંભળતા ઢોલ, નગારા, ત્રાંસા બંધ પડી ગયા. નિરવ શાંતિ પ્રસરી ગઈ.

એક ઉમેદવાર આગળ આવીને કહે છે કે, 'અમો દરેકે દરેક જણના દેવા માફ કરી દેવું. તમોએ અંદરો-અંદર લેવડ-દેવડ કરી હશે તે તમામ દેવા માફ થઈ જશે. તથા બેંકોમાંથી ગમે તેવડી મોટી લોન લીધી હશે તો તે પણ માફ થઈ જશે. પછી ભલેને બેંકો બંધ થઈજાય.'

ત્યાં બધા ઉમેદવારો ભેળા થાય છે. અને અંદરો અંદર ચણભણાટ થાય છે ! 'આપણે આટલા બધા વચનો આપ્યા તો આ બધા વચનો કઈ રીતે પાળશુ ?' બીજો ઉમેદવાર કહે, 'સત્તા પર આવવા દો પછી જોયું જશે.' ત્રીજો કહે, 'વચનો આપવાથી ક્યાં કોઈ ફાંસીએ ચડાવી દેવાનું છે. વચનો આપવામા તો મન મોટુ રાખો.' ચોથો ઉમેદવાર કહે, 'વચનો આપવામાં ક્યાં પૈસા બેસે છે? વચનો પાળવામાં મુશ્કેલી છે. આ ક્યાં નવું છે... આ તો વર્ષોથી ચાલ્યા કરે છે. ચૂંટણી ગયા પછી કોઈ ભોળી પ્રજાએ પૂછ્યું કે તમે આપેલ તમારા વચનોનું શું થયું ??? આવું બધું ચાલ્યા જ કરવાનું માટે વચનો ઠોકયે જ જાવ, ક્યાં કોઈ પુછવાવાળુ છે??

ત્યા એક વયોવૃદ્ધ ખખડધજ દાદા બોલતા બોલતા ઊભા થયા, હાલો ભાઈ હાલો આ કોઈ સારૂ કરે એવું લાગતું નથી. ઘર ભેગીના થઈએ બાળકોની સ્કૂલની ફી ભરવાની છે. કૂવો દૂર છે તો ત્યાંથી પાણી ભરીને લાવવાનું છે. છાપરામાં વરસાદ પડે છે.... હમણા મનશુખ શેઠ ઉઘરાણીએ આવશે. કેરોશીન લેવા જવાનું છે. હાલ ભાઈ હાલ ! આવું સાંભળ્યું કરતા ઘેર રહીને બધા કામ પતાવ્યા હોત તો શારૂ હતું... મને અમથા ધોળા નથી આવ્યા !